### આણંદ - ખેડા જિલ્લામાં ૧૦ વર્ષમાં સારસની વસ્તીમાં ૨૧૫ ટકાનો તોતિંગ વધારો નોંધાયો : વર્ષ ૨૦૧૫માં સારસની ૫૦૦ની સંખ્યા હતી

# ચરોતરમાં 'સારસ'નો શાહી કલરવ, ૧૫૭૬ પક્ષી નોંધાયા

**જંગલી સારસની** વસ્તીમાં ગુજરાત દેશમાં બીજા ક્રમે પહોંચ્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

ખેડા અને આણંદ જિલ્લામાં યુપીએલ અને વન વિભાગના સંયુક્ત ઉપક્રમે હાથ ધરાયેલી ૧૧મી વાર્ષિક સારસ ગણતરીમાં પર્યાવરણ પ્રેમીઓ માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. વર્ષ ૨૦૧૫-૧૬માં જ્યાં આ પક્ષીઓની સંખ્યા માત્ર ૫૦૦ હતી, ત્યાં ૨૦૨૬-૨૭ની ગણતરીમાં તે વધીને ૧૫૭૬ પર પહોંચી ગઈ છે. આ ૨૧૫ ટકાનો માતબર વધારો જૈવ વિવિધતાના સંરક્ષણ માટે એક મોટી સિદ્ધિ ગણાય છે. હાલમાં ગુજરાતમાં જંગલી સારસની વસ્તી દેશમાં બીજા નંબરની મોટી વસ્તી છે.

ચરોતરમાં ૨૧મી જૂનના રોજ વર્ષના સૌથી લાંબા દિવસે હાથ ધરાયેલી ગણતરીમાં ૧૫ તાલુકાના ૨૦૮ ગામોને આવરી લેવાયા હતા. ઉનાળામાં જળાશયો સુકાતા હોવાથી આ પક્ષી ચોક્કસ વિસ્તારોમાં એકત્રિત થાય છે, જેના કારણે તેમની સચોટ ગણતરી શક્ય બની હતી. યુપીએલના સારસ સંરક્ષણ કાર્યક્રમ હેઠળ ખેડૂતો અને સ્થાનિકોના સહયોગથી આ 'વલ્નરેબલ' શ્રેણીના પક્ષીઓનું જતન કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે ગણતરી દરમિયાન ૧૫૬ યુવા સારસ પણ મળી આવ્યા છે.

આ અભિયાનમાં નડિયાદ સોશિયલ ફોરેસ્ટ્રીના ૨૫ કર્મચારી સહિત ૧૮૮ લોકો જોડાયા હતા. જેમાં રુરલ સારસ પ્રોટેક્શન ગ્રુપના ૨૬ સ્વયંસેવકો, યુપીએલ અને નેચર કંઝર્વેન્સીના ૫૧ સ્વયંસેવકનો સમાવેશ થાય છે.

### પ્રજનન પદ્ધતિમાં નોંધપાત્ર ફેરફાર

આ વખતના નિરીક્ષણમાં એક આશ્ચર્યજનક બાબત એ જોવા મળી છે કે, ઉનાળા દરમિયાન સારસની પાંચ જોડીઓએ માળો બનાવી પ્રજનન કર્યું હતું અને તેમના પાંચ બચ્ચા પણ જોવા મળ્યા હતા. સામાન્ય રીતે સારસની પ્રજનન પદ્ધતિ જે હોય છે તેના કરતા આ ફેરફાર નિષ્ણાતો માટે અભ્યાસનો વિષય બન્યો છે.




**પ્રથમ બોર્ડ મિટિંગમાં જ ભડકો** | ઉમરેઠ પાલિકામાં સત્તાના 'પ્રતિનિધિ' પતિઓના દબદબાથી કર્મચારીઓમાં ગણગણાટ

# ઉમરેઠ પાલિકાની પ્રથમ બોર્ડ મિટિંગમાં કમિટીઓની વહેંચણી મામલે ગજગ્રાહ !

**પ્રભારીનું** અપમાન અને મિડિયાકર્મીઓને ઓફિસ બહાર કાઢી મૂકાતા ભારેલો અગ્નિ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.૨૫

ઉમરેઠ નગરપાલિકાની ચૂંટણી બાદ મળેલી સૌપ્રથમ બોર્ડ મિટિંગ વિકાસલક્ષી ચર્ચાઓને બદલે આંતરિક જૂથવાદ અને સત્તાના નશાના વરવા પ્રદર્શનનું કેન્દ્ર બની હતી. નવનિયુક્ત મહિલા સભ્યોના સ્થાને તેમના પતિદેવો દ્વારા વહીવટમાં કરવામાં આવતા હસ્તક્ષેપને કારણે રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.



ઉમરેઠ પાલિકાની ગુરુવારના રોજ યોજાયેલી પ્રથમ બોર્ડ મિટિંગમાં પાલિકા પ્રભારી પથિક પટેલ પક્ષના મેન્ડેટ સાથે હાજર રહ્યા હતા. જોકે, કમિટીઓની જાહેરાત થતા જ અસંતોષનો જ્વાળામુખી ફાટ્યો હતો. ખાસ કરીને વોર્ડ નં. 6 માંથી ચૂંટાયેલા અને પક્ષના નેતા બનેલા ચેતનાબહેન શાહને કોઈ કમિટી ન ફાળવાતા તેમના પતિ સુજલ શાહે જાહેરમાં રોષ ઠાલવ્યો હતો. આ દરમિયાન પ્રભારી પથિક પટેલને અપશબ્દો બોલવામાં આવ્યા હોવાની ઘટનાએ પણ ચકચાર મચાવી છે.

ઉમરેઠ પાલિકા પ્રમુખની ઓફિસમાં ચાલી રહેલા આ કકળાટના પગલે પહોંચેલા મિડિયાકર્મીઓને પણ સુજલ શાહ દ્વારા અત્યંત ઉદ્ધત વર્તન કરી ઓફિસ બહાર નીકળી જવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જોકે, કોઈ પણ હોદ્દો ન ધરાવતા હોવા છતાં તેઓ કયા અધિકારથી પ્રમુખની ઓફિસમાં હતાં તે ચર્ચાનો વિષય બન્યો છે.

### પત્નીઓ બહાર, પતિઓ અંદર !



સૌથી ચોંકાવનારી બાબત એ જોવા મળી હતી કે પાલિકા પ્રમુખ અને પક્ષના નેતા જેવા હોદ્દા ધરાવતા મહિલા સભ્યો ઓફિસની બહાર બેઠા હતા, જ્યારે તેમના પતિઓ પ્રમુખની ઓફિસમાં બેસીને શાસન ધુરા સંભાળી રહ્યા હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. શું આગામી સમયમાં ઉમરેઠનો વહીવટ ચૂંટાયેલા પ્રતિનિધિઓને બદલે તેમના પતિઓ જ કરશે? તેવો યક્ષ પ્રશ્ન નગરજનોમાં ચર્ચાઈ રહ્યો છે.

# સંતરામપુરમાં કારમાં ગૌવંશની હેરાફેરી કેસમાં સાત વર્ષની કેદ

**સ્વિફ્ટ** કારમાં ખીચોખીચ ભરેલા બે બળદોના અકસ્માતમાં મોત નીપજ્યા હતા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૫

મહીસાગર જિલ્લાની લુણાવાડા સેશન્સ કોર્ટના ન્યાયાધીશ એમ. એન. ગડકરીએ વર્ષ ૨૦૧૯ના ગેરકાયદે પશુ હેરાફેરી અને પ્રાણી ક્રૂરતાના એક ચકચારી કેસમાં સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. અદાલતે પશુઓ પ્રત્યેની ક્રૂરતાને સમાજ વિરુદ્ધનો ગંભીર ગુનો ગણાવીને મુખ્ય આરોપી સબ્બીર મલેકને દોષિત ઠેરવી ૭ વર્ષની સાદી કેદ અને ૧,૦૦,૦૦૦/- નો ભારે દંડ ફટકાર્યો છે.

આ ઘટનાની વિગત મુજબ, સંતરામપુરના સરસણ ગામ પાસે ૨૩મી ઓક્ટોબર ૨૦૧૯ના રોજ એક સ્વિફ્ટ કાર પૂરઝડપે પસાર થતા પલટી ખાઈ ગઈ હતી. આ અંગે પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો કે, તસ્કરોએ કારની પાછળની સીટો કાઢી નાખી તેમાં નિર્દયતાપૂર્વક બે બળદોને બાંધ્યા હતા, જેમના અકસ્માતમાં કરૂણ મોત નીપજ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી ઘાયલ હાલતમાં ઝડપાયેલા ગોધરાના સબ્બીર મલેક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

આ કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ વી. એલ. સંભવાણીએ ૧૬ મજબૂત દસ્તાવેજી પુરાવા અને ૬ મૌખિક સાહેદો રજૂ કર્યા હતા. જે ધ્યાનમાં લઈ અદાલતે પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ અને ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ આરોપીને સજા ફટકારી છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ ૬ માસની જેલ ભોગવવી પડશે. હાલમાં ચુકાદા સમયે આરોપી ગેરહાજર હોવાથી કોર્ટે તેને પકડીને સજા ભોગવવા મોકલવા માટે વોરંટ ઈસ્યુ કર્યું છે. આ કેસના અન્ય એક આરોપી સલમાન ઉર્ફે કાનકટ્ટોને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવામાં આવ્યો છે, જ્યારે ત્રીજો આરોપી મુસ્તાક હજુ પોલીસ પકડથી દૂર છે.

# નડિયાદ :મરીડાનીસીમમાં જુગાર રમતાં ૬ જણ ઝબ્બે

**લોકલ** ક્રાઇમ બ્રાંચના દરોડામાં મુખ્ય સૂત્રધાર 'પીકે સરપંચ' ફરાર

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

ખેડા લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા મરીડા ગામની સીમમાં ચાલતા જુગારધામ પર સફળ દરોડો પાડી ૬ શખ્સોને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે.

ખેડા એલસીબી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, મરીડા ગામનો પ્રવિણસિંહ ઉર્ફે પીકે સરપંચ બહારથી માણસો બોલાવી ગાયત્રી સ્કૂલ પાછળ આવેલી નાની કેનાલ પાસેના ખુલ્લા ખેતરમાં હારજીતનો જુગાર રમાડે છે. આ માહિતીના આધારે પોલીસે સ્થળ પર રેડ કરી હતી. આ દરોડામાં સ્થળ પરથી નડિયાદ અને આણંદના ૬ શખ્સોની અટકાયત કરી હતી. જેની પુછપરછમાં પીન્ટુ રમેશભાઈ રાણા (નડિયાદ), અજયકુમાર વિનોદચંદ્ર ઠક્કર (આણંદ), ઐયુબભાઈ અકીમભાઈ વિણાવાળા (નડિયાદ), પરેશભાઈ જયંતિભાઈ રાણા (નડિયાદ), સલીમભાઈ ઉર્ફે ગુલામ ગફારભાઈ મલેક (નડિયાદ), કશ્યપ ગુણવંતભાઈ પટેલ (નડિયાદ) હોવાનુ જણાવ્યું હતું.

આ દરોડામાં પોલીસે સ્થળ પરથી રોકડા રૂ. ૫,૫૫૦ તથા રૂ. ૬,૦૦૦ની કિંમતના ૩ મોબાઈલ મળી કુલ રૂ. ૧૧,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે મુખ્ય સૂત્રધાર પ્રવિણસિંહ ઉર્ફે પીકે સરપંચ હાલ ફરાર છે. આ મામલે નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

# કપડવંજની નહેરમાં ૨૪ કલાકમાં સગર્ભા સહિત 3 વ્યક્તિએ મોતની છલાંગ લગાવી

**યુવાન, વૃદ્ધ** અને ગર્ભવતી મહિલાના આપઘાતથી પંથકમાં ગમગીની છવાઇ

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૫

કપડવંજ શહેર નજીકથી પસાર થતી નર્મદા નહેર છેલ્લા કેટલાક સમયથી જીવલેણ બની રહી છે. માત્ર ૨૪ કલાકના ટૂંકા ગાળામાં એક વૃદ્ધ, એક યુવાન અને એક સગર્ભા મહિલાએ નહેરમાં ઝંપલાવી જીવન ટૂંકાવતા સમગ્ર પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. આત્મહત્યાના વધતા બનાવોને પગલે સ્થાનિક તંત્રની નિષ્ક્રિયતા સામે રોષ જોવા મળી રહ્યો છે.

કપડવંજ પંથકમાં નર્મદા નહેરમાં આપઘાતનો સિલસિલો યથાવત રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આજે સવારે આશરે ૬૫ વર્ષીય એક વૃદ્ધે અગમ્ય કારણોસર નહેરમાં ઝંપલાવી દીધું હતું. વૃદ્ધનો મૃતદેહ મળી આવ્યો છે, પરંતુ હજુ સુધી તેમની ઓળખ થઈ શકી નથી. આ ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં એક અજાણ્યા યુવકે પણ નહેરમાં કૂદીને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે.

સૌથી હૃદયદ્રાવક ઘટનામાં ફતિયાવાદથી આંત્રોલી જતા મુખ્ય માર્ગ પરની કેનાલમાં બની હતી, જ્યાં એક ગર્ભવતી મહિલાની લાશ તરતી હાલતમાં મળી આવી હતી. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. આ ત્રણેય કિસ્સામાં આત્મહત્યા પાછળના કારણો હજુ સુધી જાણી શકાયા નથી.

આશ્ચર્યજનક બાબત એ છે કે, જ્યારે ગર્ભવતી મહિલાની લાશ મળી આવી ત્યારે સ્થાનિક પોલીસ આ સમગ્ર મામલે તદ્દન અજાણ હતી. પોલીસ સુધી આ અંગેની કોઈ માહિતી પહોંચી ન હોવાથી તંત્રના ગુપ્તચર અને પેટ્રોલિંગ નેટવર્ક પર ગંભીર સવાલો ઉભા થયા છે.

### કેનાલ પર ૨૪ કલાક પેટ્રોલિંગની માગ

નહેરમાં વધી રહેલી આત્મહત્યાની ઘટનાઓ રોકવા માટે પોલીસ દ્વારા 'રાઉન્ડ ધ ક્લોક' પેટ્રોલિંગ કરવામાં આવે તેવી પ્રબળ લોકમાંગ ઉઠી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, જો નહેરની આસપાસ સુરક્ષા જાળી લગાડવામાં આવે તો આવા બનાવો પર અંકુશ મેળવી શકાય તેમ છે.

### દારૂના દૂષણની તપાસ કરવા કોંગ્રેસના અગ્રણીની માંગ

કોંગ્રેસ અગ્રણી નીતિન આર. પટેલે આ ગંભીર મુદ્દે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, નર્મદા નહેર પર તાત્કાલિક જાળીઓ લગાડવી જોઈએ. આ ઉપરાંત, તેમણે આક્ષેપ કર્યો હતો કે આ સ્થળોએ દારૂનું વેચાણ થતું હોવાની વાતો વહેતી થઈ છે, જેની પોલીસ તંત્ર દ્વારા સઘન તપાસ કરી આ દૂષણને ડામી દેવું જોઈએ.

# કઠલાલનાફાગવેલમાં ૩.૦૭ લાખનો વિદેશી દારૂ પકડાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

કઠલાલ તાલુકાના ફાગવેલ અંતર્ગત મહારાજના મુવાડા ગામે પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને એક ઘરના વાડામાં છુપાવી રાખેલો ૩,૦૭,૭૨૮ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપી પાડ્યો છે.

કઠલાલ પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે મહારાજના મુવાડા ગામે રહેતા આરોપી ચિરાગકુમાર હિંમતસિંહ રાઠોડના મકાનની પાછળ આવેલા વાડામાં તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ગેરકાયદેસર રીતે છુપાવીને રાખવામાં આવેલો અને માત્ર પંજાબ તથા રાજસ્થાન રાજ્યમાં વેચાણ માટે મંજૂર થયેલો વિદેશી દારૂ તેમજ બીયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

કઠલાલ પોલીસે ઘટનાસ્થળેથી વિવિધ બ્રાન્ડની નાની-મોટી કુલ ૫૮૮ બોટલ અને બીયરના ૧૫૨ ટીન મળી કુલ ૭૪૦ નંગ દારૂ-બીયરનો જથ્થો કબજે કર્યો છે. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં રોયલ ચેલેન્જ વ્હીસ્કી (૭૫૦ ML) ની ૨૮૮ બોટલ, રોયલ ચેલેન્જ (૧૮૦ ML)ના ૨૪૦ ક્વાર્ટર, રોયલ સ્ટેગની ૫૦ બોટલ તેમજ કિંગફિશર અને બડવાઈઝર બીયરના ટીનનો સમાવેશ થાય છે. આ દરોડા દરમિયાન ચિરાગકુમાર રાઠોડ પોલીસને જોઈ પોતાના કબજાવાળા વાડામાંથી કૂદીને નાસી છૂટ્યો હતો. કઠલાલ પોલીસે આ મામલે આરોપી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# માતરનાસિંજીવાડાગામમાં મગર ચડી આવતા ફફડાટ

**વન વિભાગે** પાંચ ફૂટ લાંબા મગરને પકડવા જહેમત ઉઠાવી

(પ્રતિનિધિ) માતર તા.૨૫

માતર તાલુકાના સિંજીવાડા ગામના પરા વિસ્તાર સેજુડીપુરામાં ૨૪મી જૂનની મોડી રાત્રે અચાનક એક મગર આવી ચઢતા રહેવાસીઓમાં ભારે ગભરાટ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વન વિભાગ અને સ્થાનિક સરપંચના સંયુક્ત પ્રયાસોથી મગરને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરવામાં આવતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે.



સિંજીવાડાના સેજુડીપુરા વિસ્તારમાં બુધવારની રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ અચાનક મગર દેખાયાની વાત વાયુવેગે પ્રસરતા લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા. આ ઘટનાની ગંભીરતા સમજીને સ્થાનિક સરપંચ મનોજસિંહ ભગવાધારી તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને તેમણે તુરંત માતર ફોરેસ્ટ વિભાગને જાણ કરી હતી.

ફોરેસ્ટની રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને સરપંચ સાથે મળીને મગરને પકડવાની કામગીરી હાથ ધરી હતી. ભારે જહેમત અને લાંબા ઈન્તેઝાર બાદ, અંદાજે ૪.૫ થી ૫ ફૂટ લાંબા આ મગરને સુરક્ષિત રીતે પકડી પાડવામાં આવ્યો હતો. મગરનું સફળ રેસ્ક્યુ થતા જ સમગ્ર વિસ્તારમાં હાશકારો ફેલાયો હતો અને ગ્રામજનોએ વન વિભાગની ટીમ તેમજ સરપંચનો આભાર વ્યક્ત કર્યો હતો.

# આંકલાવ અને ઉમરેઠમાં જુગાર રમતાં ૧૦ પકડાયાં

**પોલીસે** ૩૬ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.૨૫

આણંદ જિલ્લામાં શ્રાવણ માસ પૂર્વે જ સક્રિય થયેલા જુગારધામો પર પોલીસે સપાટો બોલાવ્યો છે. જિલ્લાના આંકલાવ અને ઉમરેઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોડી રાત્રે અને બપોરે પાડવામાં આવેલા બે અલગ-અલગ દરોડામાં પોલીસે પત્તા પાનાનો જુગાર રમતા ૧૦ શખ્સોને આશરે રૂ. ૩૬,૪૦૦ના મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી પાડ્યા છે.

આંકલાવ પોલીસની ટીમે બાતમીના આધારે માધવનગર કોલોની નજીક કોઠીયા તલાવડી પાસે ખુલ્લી જગ્યામાં દરોડો પાડ્યો હતો. પોલીસે અહીંથી પ્રતિકકુમાર પરમાર, મહિપાલ રાઠોડ, ગોપાલસિંહ ગોહેલ, રણજીતભાઈ મહીડા અને ફીરોજ ઉર્ફે છુ રાજ નામના પાંચ શખ્સોને ઝડપી લીધા હતા. સ્થળ પરથી રૂ. ૧૬,૩૫૦ રોકડા અને ૨ મોબાઈલ મળી કુલ રૂ. ૨૬,૩૫૦નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

બીજી તરફ, ઉમરેઠ પોલીસે રાત્રિના સમયે કસ્બા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા તમિઝ હુસેન મલેક, મકબુલમીયા ચૌહાણ, અક્તરહુસેન મલેક, કાસમમીયા ચૌહાણ અને સમીરમીયા ચૌહાણને પકડી પાડ્યા હતા. તેમની પાસેથી રૂ. ૧૦,૦૫૦ની રોકડ કબ્જે કરવામાં આવી છે. બન્ને દરોડામાં પોલીસે તમામ વિરુદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધ્યો હતો.

દારૂ કેસમાં મુખ્ય સૂત્રધાર ભાજપ કિસાન મોરચાના મહામંત્રીનો ભાઈ નિકળ્યો

# નડિયાદના કલોલીમાં ₹૭.૬૧ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**લોકલ ક્રાઇમ** બ્રાંચના દરોડામાં ૧૩૬૮ બોટલ દારૂ અને બિયરનો જથ્થો જપ્ત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

વસો તાલુકાના કલોલી ગામમાં લોકલ ક્રાઈમ બ્રાંચએ દરોડો પાડી 7.61 લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ ગુનામાં સંડોવાયેલો મુખ્ય આરોપી ભાજપ કિસાન મોરચાના મહામંત્રીનો સગો ભાઈ હોવાનું બહાર આવતા રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

ખેલા લોકલ ક્રાઈમ બ્રાંચના ઈન્સ્પેક્ટર કે.આર. વેકરીયાની ટીમને બાતમી મળી હતી કે, આખડોલ ગામના અનિલ ઉર્ફે કાંબલી પુનમ પરમારે કલોલીમાં રહેતા તેના માસીના દીકરા સંજય ઉર્ફે સ્વામી પ્રભાત બારૈયાના ઘર પાસેના છાપરામાં દારૂનો જથ્થો સંતાડ્યો છે. પોલીસે 23મી જૂન 2026 ના રોજ દરોડો પાડી તપાસ કરતા ત્યાંથી અલગ-અલગ બ્રાન્ડની 1368 વિદેશી દારૂની બોટલો (કિંમત 7,41,048) અને 120 બિયરના ટીન (કિંમત 20,544) મળી આવ્યા હતા.

આ દરોડામાં પોલીસે સ્થળ પરથી સંજય બારૈયાની ધરપકડ કરી છે, જ્યારે દારૂનો જથ્થો મંગાવનાર મુખ્ય આરોપી અનિલ પરમાર હાલ ફરાર છે. આ કેસની તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે વોન્ટેડ આરોપી અનિલ પરમાર ભાજપ કિસાન મોરચાના મહામંત્રી અજય પરમારનો સગો ભાઈ છે. નડિયાદ રૂરલ પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ જિલ્લા પંચાયતની વડતાલ બેઠકના પ્રફુલ સ્વામી અને કપડવંજ તાલુકા પંચાયતના સભ્યના પુત્ર લિંકન ઝાલા જેવા ભાજપ સાથે જોડાયેલા શખ્સો દારૂના કેસમાં પકડાઈ ચૂક્યા છે. જેથી પક્ષની છબી ખરડાઈ છે.